ગાંધીનગર સમાચાર

## મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ચાન્સ ન મળતા

# સ્ટ્રગલીંગ એક્ટર્સ જાલી નોટો છાપવા લાગ્યા..!

### ગાંધીનગર એસઓજીએ મુંબઈના નાલા સોપારામાં છાપો મારીને મકાનમાં ચાલતુ નોટો છાપવાનું કારખાનુ પકડ્યું

### ગાંધીનગરથી પકડાયેલા રાહુલ પાસેથી કડી મેળવીને મુંબઈની યુવતી સહીત ત્રણની ધરપકડ કરી લીધી








ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરથી રીક્ષામાં બેસીને ચિલોડા જતા પકડાઈ ગયેલા રાહુલ નામના શખ્સને જાલી નોટોના બંડલ સાથે પકડીને ગાંધીનગર એસઓજીએ મોટુ ચાલતુ રેકેટ પકડવા કમર કસી હતી. રાહુલના ઈન્ટ્રોગેશનમાં મળેલી લીંકને આધારે મુંબઈના નાલા સોપારા કે જે કુખ્યાત વિસ્તાર ગણાય છે ત્યાં એક મકાનમાં છાપો માર્યો અને ૨૪ જ કલાકમાં જાલી નોટોનું કારખાનુ પકડી પાડ્યું હતું. મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ચાન્સ ન મળતાં શોર્ટ કટ અપનાવી સ્ટ્રગલીંગ એક્ટર્સની ગેંગ બની અને તેમણે જાલી નોટો છાપવાનું શરૂ કરી દીધુ હોવાનું તપાસમાં ખુલતા ભારે ચર્ચા જાગી છે. ગાંધીનગર એસઓજીની ટીમે રાહત ઉપરાંત બે સ્ટ્રગલીંગ એક્ટર્સ યુવાનો અને એક માસ કોમ્યુનીકેશનની વિદ્યાર્થીની યુવતીની ધરપકડ કરી ઝીણવટભરી પુછતાછ શરૂ કરી છે.

રીક્ષાચાલકની સતર્કતાથી ચિલોડા સર્કલ પાસેથી ઈડરના કમાલપુર વિસ્તારના રાહુલ સુરેશ પટેલને રૂ. ૧૦૦ અને રૂ. ૫૦ની જાલી નોટો સાથે પકડી લેવામાં આવ્યો હતો. તેના ઈન્ટ્રોગેશનને આધારે ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચના મુજબ એસઓજી પીઆઈ પી.બી. ચૌહાણ તથા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમને મુંબઈ નાલા સોપારાનું કનેક્શન હોવાનું ધ્યાને આવ્યું હતું. અત્યંત કુખ્યાત ગણાતા વિસ્તાર નાલા સોપારા કે જ્યાં નાઈઝીરીયન, આફ્રીકન મુસ્લીમ રહે છે ત્યાં ૨૪ જ કલાકમાં છાપો મારીને એસઓજી પીએસઆઈ નટુભા જાડેજા, ઉત્સવ બારોટ અને તેમની ટીમે એક યુવતી સહીત ત્રણ સ્ટ્રગલીંગ એક્ટર્સની ધરપકડ કરી લીધ હતી જે જાલી નોટો છાપીને બજારમાં ઘુસાડવાનું નેટવર્ક ચલાવી રહ્યા હતા. મકાનમાંથી નોટો છાપવા વપરાતુ કલર પ્રીન્ટર મશીન, કલર તથા બ્લેક કાર્ટીઝ, જાલી નોટો છાપવા વપરાતા કોરા કાગળો, કાતર, ફૂટપટ્ટી, રૂ. ૧૦૦ ની ૩૦ નંગ તથા રૂ. ૫૦ની ૬ નંગ જાલી નોટો, આરોપીઓના ઓળખપત્ર અને મોબાઈલો મળી આવતા તમામ મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે અને સ્ટ્રગલીંગ એક્ટર્સ કે જે શોર્ટકટથી રૂપિયા કમાવવા જાલી નોટ છાપવાના ધંધે ચઢી ગયા હતા તે પ્લાનનો મુખ્ય સૂત્રધાર પ્રકાશ નંદુલાલ દુબે, કામ ન મળતા હતાશ થઈ ગયેલો ઈમરાન ફારૂક પઠાણ અને રૂપિયા બજારમાં ફરતા કરતી વખતે કોઈને શક ન જાય તે માટેની તાલીમ આપતી ૨૧ વર્ષની યુવતી મનાલી ઉર્ફે માયરા ગોપાલ ભીમરાવ કાવડેની ગાંધીનગર એસઓજીએ ધરપકડ કરી લીધી છે. માયરા માસ કોમ્યુનીકેશનની વિદ્યાર્થીની છે. જ્યારે ગાંધીનગરથી પકડાયેલો રાહુલ બીએસસી ગ્રેજ્યુએટ છે. એસઓજીએ આ રેકેટનો પર્દાફાશ કરીને ચારની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. જો કે આ રેકેટ હજુ ફુલ ફલેગમાં શરૂ થાય તે પહેલા જ પકડાઈ ગયુંહોવાનો પોલીસનો દાવો છે. આ ટોળકીએ અત્યાર સુધી ૨૦ હજાર જેટલા રૂપિયા જ છાપ્યા હતા અને વિવિધ રાજ્યોમાં એજન્ટો-પેટા એજન્ટો ઉભા કરવાની પેરવીમાં હતા. ત્યાર બાદ એજન્ટો પાસેથી ૫૦ ટકા રૂપિયા એટલે કે ૫૦ હજાર રૂપિયા આપો તો નકલી ૧ લાખ રૂપિયા મળે તેવો પ્લાન તૈયાર હતો.

## ગુજરાતનો મુખ્ય એજન્ટ રાહુલ

પ્રકાશ દુબેએ જાલી નોટોનો પ્લાન તૈયાર કર્યા બાદ રાહુલને ગુજરાતનો મુખ્ય એજન્ટ બનાવ્યો હતો. મુંબઈમાં પ્રકાશ જાલી નોટો બનાવે પછી તેને ગુજરાતમાં ક્યાં ક્યાં વાપરવી અને પેટા એજન્ટો કોને કોને બનાવવા તેની કામગીરી રાહુલે કરવાની હતી. રાહુલ પાસેથી જે જાલી નોટો મળી હતી તે સેમ્પલીંગ માટે મોકલવામાં આવી હતી. જે પેટા એજન્ટોને બતાવી શકાય..!

### દિવસે નોટ છાપતા, રાતે વાપરતા હતા..!

યુવતી માયરા કેવી રીતે નોટ બજારમાં ફરતી કરવી, કેવી વ્યક્તિઓને આપવી અને કેવો સમય પસંદ કરવો તેની તાલીમ આપતી હતી. દિવસે તે લોકો નોટો છાપતા હતા અને અંધારૂ પડે પછી જ બજારમાં ફરીને નોટ વાપરતા હતા. સામાન્ય રીતે રૂ. ૧૦-૨૦ની વસ્તુ ખરીદે ત્યારે રૂ. ૫૦ની જાલી નોટ અને રૂ. ૨૦-૩૦ની વસ્તુમાં રૂ. ૧૦૦ની જાલી નોટ થપાવી અસલી રૂપિયા ભેગા કરતા હતા.




## ૫૦ અને ૧૦૦ની જ નોટ છાપવાનું રહસ્ય

મુખ્ય સૂત્રધાર પ્રકાશ દુબેનું માનવું છે કે રૂ. ૧૦-૨૦ની જાલી નોટ બનાવે તો કોઈ જ પ્રોફીટ નથી. રૂ. ૫૦૦ કે રૂ. ૧૦૦૦ની નોટ બનાવે તો લોકો તરત જ તપાસ કરીને નોટ સ્વિકારે છે.

પરંતુ રૂ. ૫૦ અને રૂ. ૧૦૦ની નોટ એવી છે કે જે જલ્દી કોઈ ચેક કરતુ નથી. સેફ રહેવા માટે અને જલ્દીથી જાલી નોટ વેચાઈ જાય તે માટે પ્રકાશ રૂ. ૫૦ અને રૂ. ૧૦૦ની જ નોટ છાપવાનો આગ્રહ રાખતા હતા.

## મુંબઈથી ગુજરાતની ટીમ કેવી રીતે બની..!

મુંબઈમાં સ્ટ્રગલીંગ એક્ટર્સનું ગ્રુપ છે. કેટલાય એક્ટર્સ નીરાશ થઈને પાછા ફરે છે. તેમાંનો એક ગુજરાતનો ઈડર વિસ્તારનો રાહુલ પટેલ હતો. માસ્ટર માઈન્ડ પ્રકાશ દુબેના ધ્યાનમાં રાહુલ હતો. રાહુલને ચાન્સ ન મળતા તેને બોલાવીને સમગ્ર પ્લાન સમજાવી ગુજરાતનો એજન્ટ બનાવ્યો. તે ઉપરાંત ઈમરાન પણ એવી જ રીતે હતાશ થયેલો સ્ટ્રગલીંગ એક્ટર હતો તેને પણ પ્રકાશે પોતાની ગેંગમાં સામેલ કર્યો જેથી તે મુંબઈમાં કારોબાર સંભાળી શકે..! હવે તેમને જરૂર હતી એક યુવતીની જેને ઈમરાનની પત્નિની ઓળખ આપીને તે ગેંગ આખી કોઈને શક ન જાય તે રીતે ભાડે રૂમ રાખીને રહી શકે..! ત્યાં જ સ્ટ્રગલર માયરા મળી જેનામાં ટેલેન્ટ હતી કેવી રીતે તાલીમ આપવી કે ક્યારે અને કોને આ નકલી નોટો પધરાવવી..! બસ ટીમ તૈયાર થઈ ગઈ..!

## રીક્ષા ડ્રાઈવરનું સન્માન કરાશે

સમગ્ર જાલી નોટોનું રેકેટ પકડાવનાર રીક્ષા ડ્રાઈવર અલ્પેશ રાવલની સતર્કતા અને હિંમતને પોલીસે બિરદાવી છે અને ગાંધીનગર એસપી દ્વારા તેને પ્રશંસાપત્ર આપી સન્માન કરવામાં આવશે.

## જાલી નોટો છાપવાનો વિચાર ક્યાંથી આવ્યો ..?

સ્ટ્રગલીંગ એક્ટર પ્રકાશ દુબે મુંબઈમાં ફરતો હતો ત્યારે એકવાર તેણે પાઈરેટેડ સીડીઓના આબેહૂબ સ્ટીકરો અને પ્રીન્ટો બહાર નીકળતી જોઈ હતી. આ ક્ષણે તેને નકલો જોઈને વિચાર આવ્યો કે સીડીના સ્ટીકરો અને પોસ્ટરો આબેહૂબ આ લોકો બનાવી શકતા હોય તો હું નકલી નોટો કેમ આબેહૂબ ન બનાવી શકું..? બસ ત્યારથી આ જાલી નોટો છાપવાનો વિચાર પ્રકાશને આવ્યો હતો અને તેને ફિલ્મોમાં કામ ન મળતા જાલી નોટો છાપવાનું કામ શરૂ કરી ગેંગ બનાવી હતી. એક અઠવાડીયુ તો જાલી નોટમાં પરપેક્શન લાવતા પ્રકાશને લાગ્યું હતું અને ટ્રાયલ બેઝ પર છાપેલી નોટો તે ઘરમાં જ સળગાવી દેતો હતો.

## ખૂણે ખાંચરેથી...

● આઈ.પી.એસ. અધિકારી સંજીવ ભટ્ટ અંતે નોકરીમાંથી બરતરફ કરાયા.

● ગાંધીનગરના જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૧૬ અને આસપાસના અન્ય બ્લોકોમાં સ્વચ્છતાનું અભિયાન હાથ ધરવાના આયોજનને લઈ આજે ગ્રામ વિકાસ કમિશનરની કચેરીમાં ખાસ બેઠક યોજાઈ હતી.

● રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા હવે ઈન. એક્ટીવેટેડ પોલિયો અભિયાન યોજવામાં આવનાર છે. જે ૧૦ ઓક્ટો.થી શરૂ થશે.

● સચિવાલયની પોઈંટ બસો પાસે ભરાતા શાકમાર્કેટમાં આજે ટોઈંગ વાન સાથે દબાણતંત્ર આવતાં લારી ગલ્લાવાળાઓએ દોડધામ કરી મુકી હતી.

● સચિવાલયમાં આજે ૧૦૦થી પણ વધુ મહિલા મુલાકાતીઓ તેમની સાથે ઠગાઈ હોવાની રજુઆત કરવા આવી હતી પણ આ મહિલાઓને સોમવારે મુખ્યમંત્રીએ સમય આપતા તે પરત ફરી હતી. અમદાવાદથી આવેલી આ શ્રમજીવી મહિલાઓને ઘરનુ ઘર તેમજ સહાયના ચેક જેવી લાલચો અપાઈ હોવાનું જણાવ્યું હતું.

● રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા ૩૦મી ઓગષ્ટના રોજ એક ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

## પાટીદાર અનામતની વિશાળ રેલી સંદર્ભે આજે બેઠક

ગાંધીનગર, તા. ૧૯

૨૫ ઓગષ્ટે અમદાવાદ ખાતે પાટીદાર અનામત આંદોલન અંતર્ગત વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલુ છે. તે અનુસંધાને ઝુંડાલ ખાતે આંદોલનના આગોતરા આયોજન માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવા બેઠક યોજવામાં આવશે. આવતીકાલે ગુરૂવારે સાંજે ૮ વાગ્યે શહેરના સેક્ટર-૧૨ ઉમા ભવન ખાતે યોજાનાર આ બેઠકનું મુકેશ પટેલ તથા કાળીદાસ પટેલે આયોજન કર્યું છે.

## હરિની દ્રષ્ટિ...




ચિંતા ના કર... પાના ઉતર... પોલીસ બધી પાટીદાર પાછળ પડવાની... આપણને કોઈ પકડવા નવરું નહીં હોય...

## ગાંધીનગર જિલ્લા-શહેરના બેરોજગારોની પરિસ્થિતિ જાણવા સર્વે હાથ ધરાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોની પરિસ્થિતિ જાણવા અંગે સર્વેની કામગીરી કરવામાં આવી છે. જેમાં રોજગાર વિનિમય કચેરી દ્વારા નોંધાયેલા તમામ ઉમેદવારોને ફોર્મ મોકલવામાં આશે.

ગુજરાતમાં બેરોજગારીનો પ્રશ્ન યથાવત છે. રાજયમાં લાખો યુવાન શિક્ષિત હોવા છતા રોજગારથી વંચિત છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં આવા શિક્ષિત કેટલા યુવાનો બેરોજગાર છે તે અંગે જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સર્વે કરવામાં આવશે. જેમાં રોજગારી વિનિમય કચેરી ખાતે નોંધાયેલ તમામ ઉમેદવારોને બુક પોસ્ટ દ્વારા ફોર્મ મોકલવામાં આવશે. ફોર્મ સંજોગોવશાત ના મળે તો ઉમેદવાર કચેરીથી મેળવી શકે છે. ઉમેદવારે ફોર્મ ભરી તુરંત દર્શાવેલ સ્થળ અને સમય પર રુબરુ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. ફોર્મ મળ્યા બાદ કચેરી દ્વારા ઉમેદવારની રોજગારની પરિસ્થિતિ ધ્યાનમાં લેવામાં આવશે. રોજગાર અંગેની જરૂરિયાતનો સર્વે હોવાથી શહેર/જિલ્લાના તમામ બેરોજગાર ઉમેદવારોએ હોંશભેર આ સર્વેમાં ભાગ લઈ વહેલી તકે ફોર્મ ભરવા રોજગાર અધિકારીએ અનુરોધ કર્યો છે.

## ભારતીય જીવન વીમા નિગમ દ્વારા નવી એન્ડોવમેન્ટ પ્લસ યોજનાનો પ્રારંભ

### રોકાણ તથા વિમાના સમન્વયની આ યોજના અન્વયે વીમાધારકને બેવડો લાભ મળશે

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જીવન વીમા નિગમ દ્વારા આજે નવી એન્ડોવરમેન્ટ પ્લસ યોજના ખુલ્લી મુકવામાં આવી હતી. બેવડા લાભવાળી આ યોજના અન્વયે વીમાધારકોને શેરબજાર આધારિત રોકાણ તેમજ વીમા રક્ષવાનો લાભ મળશે.

ભારતીય જીવન વીમા નિગમની ગાંધીનગર સ્થિત ડિવિઝનલ કચેરીના મેનેજર એસ.પી. સોમાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ફેબ્રુઆરી-૨૦૧૩ બાદ આઈ.આર.ડી.એ.ના નવી યોજના અંગેના નિતિ નિયમોમાં સુધારણા બાદ નિગમની આ પ્રથમ યુ.એલ.આઈ.પી. યુનિટ લીંક્ડ વીમા યોજના છે. જેમાં વીમાધારકને બોન્ડ, સિક્યોર્ડ, બેલેન્સડ અથવા ગ્રોથ તેમ જમાંથી કોઈપણ એક ફંડનો વિકલ્પ સ્વીચીંગની સુવિધા સાથે પુરો પાડવામાં આવશે. જેમાં વર્ષમાં ચાર વખત ફંડની




નિઃશુલ્ક ફેરબદલી થઈ શકશે. આ યોજનાનો લાભ ૯૦ દિવસના બાળકથી લઈ ૫૦ વર્ષની વ્યક્તિ ૧૦ થી ૨૦ વર્ષની મુદત માટે પોલિસી લઈ શકશે. જ્યારે પ્રિમિયમ ચુકવવા માટે ત્રિમાસિકથી લઈ વાર્ષિક સુવિધા ઉપલબ્ધ થશે. વીમા રક્ષવાની તારીખ પહેલા મૃત્યુના કિસ્સામાં ફંડમાં જમા થયેલી રકમ આપવામાં આવશે. જ્યારે બાદના મૃતના કીસ્સામાં એકત્રિત રકમ તેમજ વિમારાશી બેમાંથી જે વધુ હોય તે મળવાપાત્ર થશે. આ યોજના અન્વયે અકસ્માત વળતરનો લાભ પણ આપવામાં આવશે. જે અકસ્માતથી થયેલા મૃત્યુના કીસ્સામાં ચુકવવાપાત્ર થશે.

## જિલ્લા સમિતિ દ્વારા રાજીવ ગાંધીનો જન્મ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

આધુનિક ભારતના સ્વપ્રદ્રષ્ટા અને દિવંગત વડાપ્રધાન ભારતરત્ન સ્વ. શ્રી રાજીવ ગાંધીની જન્મતિથી ૨૦મી ઓગષ્ટે સમગ્ર ભારત વર્ષમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રતિવર્ષ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર અને દેશની એકતા અને અખંડિતતા કાજે જાન ન્યોછાવર કરનાર સ્વ. રાજીવ ગાંધીની જન્મતિથી વિવિધ કાર્યક્રમોનાં આયોજન થકી ઉજવવામાં આવનાર છે. જેમાં સવારે ૯ કલાકે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ફળ વિતરણ કરીને યુવક કોંગ્રેસ દ્વારા સિદ્ધાર્થ લૉ કોલેજ સેક્ટર-૧૬ ખાતે વૃક્ષારોપણ કરીને અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ કાર્યાલય સે-૨૨ ખાતે બપોરે ૨ કલાકે કેક કાપીને ઉજવણી કરવામાં આવશે. તેમજ બપોરે ૩ કલાકે જિલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસના કાર્યકરોની બેઠક ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે રાખવામાં આવી છે. જેમાં સ્વ. રાજીવજીના ચિંધાલા માર્ગ ઉપર ચાલીને કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબૂત બનાવવા શપથ લેવામાં આવશે.

## અનામત માટે બ્રહ્મસમાજ એકાવન હજાર પોસ્ટ કાર્ડ રાષ્ટ્રપતિને મોકલશે

ગાંધીનગર, તા. ૧૯

અનામત આંદોલને ધીમે ધીમે રાજ્યભરમાં વેગ પકડ્યો છે. પાટીદાર બાદ હવે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પણ આર્થિક ધોરણે અનામતની માંગ સાથે મેદાનમાં આવ્યું છે. સરકાર દ્વારા આર્થિક આધારની અનામતની માંગણી નહિ પુરી કરવામાં આવે તો આગામી સમયમાં આંદોલનને વધુ વ્યાપક અને જલદ બનાવવાની ચિમકી બ્રહ્મસમાજ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

અનામત અંગે પાટીદાર બાદ હવે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજે પણ સરકાર સામે બાંયો ચઢાવી છે. સમસ્ત બ્રહ્મસમાજના ગુજરાતના પ્રમુખ શૈલેષ જોષીએ જણાવ્યું હતું કે આજે ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકામાં આર્થિક ધોરણો આધારિત અનામતની માંગ સાથે ધરણા, રેલી અને બાઈકરેલીના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. ઉપરાંત માનવ સાંકળ રચીને પણ સરકારનું ધ્યાન ખેંચવામાં આવશે. તેમજ માંગને વધુ પ્રબળ બનાવવા માટે રાષ્ટ્રપતિને ૫૧ હજાર પોસ્ટકાર્ડ બ્રહ્મસમાજના ભાઈ-બહેનો દ્વારા લખીને મોકલવામાં આવશે. રાજ્યના રાજ્યપાલને લોહીથી લખેલુ આવેદનપત્ર આપવામાં આવશે. રાજ્યભરમાં બ્રહ્મ જાગૃતિ રથ કાઢી લોકોને જાગૃત કરવામાં આવશે.

૨૫મી ઓગષ્ટના રોજ અમદાવાદમાં પાટીદારોની અનામતની માંગ સાથે યોજાનારી વિશાળ રેલીને બ્રહ્મસમાજ દ્વારા સમર્થન આપવાની જાહેરાત કરી છે. આ તબક્કે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, મહામંત્રી અશોકભાઈ જાની, મંત્રી અશ્વિન ત્રિવેદી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતમાં કરોડોનું ફુલેકુ ફેરવનાર ઠગ સામે કાર્યવાહી કરવા મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા. ૧૯

સુરતની એક ખાનગી કંપનીના સંચાલકે કેટલીક વિધવા અને અસહાય બહેનોને સસ્તા દરે લોન, પેન્શન અને પોતાનું મકાન આપવાની લાલચ આપી કરોડો રૂપિયાના ઉઘરાણા કર્યા હતા. અને તેમની સાથે ઠગાઈ છેતરપીંડી કરી હતી. જે અંગે સુરતના કડોદરામાં છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી. પરંતુ કોઈપણ પ્રકારની કાર્યવાહી ઠગાઈ કરનાર વિરૂદ્ધ ન થતાં ભોગ બનનાર ૩૦૦ જેટલી બહેનોએ ગાંધીનગરમાં આવી મુખ્યમંત્રીને ન્યાય માટે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

સુરતની એક 'નુરી' નામની સંસ્થા હતી. સંસ્થાના સંચાલક તરીકે કિશોર અગ્રવાલ નામનો શખ્સ કાર્યરત હતો. કિશોર અગ્રવાલે કંપનીના નામે અલગ અલગ વ્યક્તિઓને રોકી સુરત, અમદાવાદ, ભાવનગર, વડોદરા જેવા મોટા શહેરમાં રહેતી વિધવા અને અસહાય બહેનોને સુરતમાં ક્રાંતિ મેદાનમાં બોલાવતો હતો. જ્યાં તમામ બહેનોને સ્કીમ આપી, સસ્તા દરે લોન આપવા, માસિક પેન્શન આપવા અને તમામને પોતાનું પાકુ મકાન આપવાનું કહી ટુકડે ટુકડે એક બહેન એવી હજારો બહેનો પાસેથી રૂ. ૨૦ હજાર જેટલી રકમ મળી કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવી ફરાર થઈ ગયો હતો. એક વર્ષ પછી ભોગ બનનાર બહેનોએ ભરેલા નાણા અંગે પુછપરછ કરતા તમામ સાથે છેતરપીંડી થઈ હોવાની ખબર પડી હતી. આથી ભોગ બનનાર બહેનોએ આ અંગે સુરતના કડોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. તેમ છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી ન થતા ભોગ બનનાર ૩૦૦ જેટલી બહેનોએ ગાંધીનગર આવી ન્યાયની માંગ સાથે મુખ્યમંત્રીને રજુઆત કરી હતી અને આવેદનપત્ર આપી કાર્યવાહી કરાવવા માંગ કરી હતી.